Australian Government
Department of Immigration and Citizenship

# જનરલ સ્કિલ્ડ માઈગ્રેશનમાં તાજેતરના બદલાવો

## હાલના અને પહેલાંના વિદ્યાર્થી વિઝા ધારકો માટે માહિતી

ફેબ્રુઆરી 2010 માં, ઓસ્ટ્રેલિયન સરકારે તેના સ્કિલ્ડ માઇગ્રેશન પ્રોગ્રામમાં ઘણાં ફેરફારોની જાહેરાત કરી હતી. આ ફેરફારોમાં ડિમાન્ડ લિસ્ટમાંથી માઇગ્રેશન ઓક્યુપેશનને (દેશાગમન કરનારાઓ માટેની રોજગારી) દુર કરવાનું અને નવી સ્કિલ્ડ ઓક્યુપેશન યાદી રજૂ કરવાનું સામેલ હતું.

આ ફેરફારો રૂઢિચુસ્ત નહોતા. આ ફેરફારોની જાહેરાત પહેલાં જેઓએ જનરલ સ્કિલ્ડ માઇગ્રેશન વિઝા માટે અરજી કરી હતી તેઓનું મુલ્યાંકન જુની સ્કિલ્ડ ઓક્યુપેશન યાદી પ્રમાણે જ કરવામાં આવશે.

આ ફેરફારોમાં વ્યાપક મધ્યસ્થી વ્યવસ્થાઓ સામેલ કરે છે જે હાલના અને પહેલાંના વિદ્યાર્થીઓને સામેલ કરે છે. આ મધ્યસ્થી વ્યવસ્થાઓ 2012 ના અંત સુધી અમલમાં રહેશે.

- જેઓએ પણ 8 ફેબ્રુઆરી 2010 પહેલાં કામચલાઉ સ્કિલ્ડ ગ્રેજ્યુએટ વિઝા (સબક્લાસ 485) માટે અરજી કરી હતી અથવા ધરાવતા હતા તેઓને જુની સ્કિલ્ડ ઓક્યુપેશન યાદી પ્રમાણે કાયમી જનરલ સ્કિલ્ડ માઇગ્રેશન માટે અરજી કરવાની તે મંજૂરી આપે છે.

- 8 ફેબ્રુઆરી 2010 ના રોજ જ્યારે ફેરફારો જાહેર થયા ત્યારે જેઓ પણ લાયક વિદ્યાર્થી વિઝા ધરાવતા હતા તેઓને જુની સ્કિલ્ડ ઓક્યુપેશન યાદી પ્રમાણે કામચલાઉ સ્કિલ્ડ ગ્રેજ્યુએટ વિઝા (સબક્લાસ 485) માટે અરજી કરવાની તે મંજૂરી આપે છે. લાયક વિદ્યાર્થી વિઝાઓ છે સબક્લાસિસ 572, 573 અને 574.

કામચલાઉ સ્કિલ્ડ ગ્રેજ્યુએટ વિઝા (સબક્લાસ 485) 18 મહિનાના રહેણાંક માટે મંજૂરી આપે છે અને ધારકને ઓસ્ટ્રેલિયામાં કામ કરવાની અથવા ભણવાની મંજૂરી આપે છે.

આ વ્યવસ્થાઓ હાલના અને પહેલાંના વિદ્યાર્થીઓને વિઝાના વિકલ્પો અંગે વધુ જાણવાનો સમય આપે છે. જનરલ સ્કિલ્ડ માઇગ્રેશન સિવાય, નિયોક્તા અથવા રાજ્ય/પ્રાંત પ્રાયોજક દ્વારા અન્ય વિઝા વિકલ્પો ઉપલબ્ધ છે. અન્ય વિઝા વિકલ્પો અંગેની માહિતી વિભાગની વેબસાઇટ પરથી મળી શકશે.
**જુઓ:** Employer Sponsored Workers

એ સમજવું અગત્યનું છે કે જ્યારે વિઝા વિકલ્પો ઉપલબ્ધ છે, તેની કોઇ બામ્યધરી નથી કે આગળનો વિઝા મળશે. આગળનો વિઝા મળે તે, વ્યક્તિગત અરજીકર્તા જે સમયે વિઝાની અરજી કરે છે ત્યારે તે વિઝાની જરૂરિયાતો પૂરી કરે છે કે કેમ તના પર નિર્ભર છે.

આ ફેરફારો અને લાગુ મધ્યસ્થી વ્યવસ્થા અંગેની માહિતી વિભાગની ઈમિગ્રેશન અને સિટિઝનશીપ'સ વેબસાઈટ પર ઉપ્લબ્ધ છે.
**જુઓ:** Recent Changes in General Skilled Migration

ફેરફારો અંગેના પ્રશ્નો માટે એક 1300 735 683 ઈન્ક્વાયરી લાઈન પણ છે. જો તમે હાલ ઓસ્ટ્રેલિયામાં હો અને જો તમને વિભાગ સાથે આ ફેરફારો અંગે ચર્ચા કરવા માટે સહાયની જરૂર હોય, તો ટ્રાન્સલેટિંગ એન્ડ ઈન્ટરપ્રેટિંગ સર્વિસિસ (TIS National), બિન-અંગ્રેજી બોલનારાઓને, વિભાગ જોડે સંદેશાવ્યવહાર કરવામાં તેમની સહાય માટે દુભાષિયા સેવાઓ પ્રદાન કરે છે.

ટેલિફોન પર દુભાષિયાનો ઉપયોગ કરવા માટે.

**ટેલિફોન:** 131 450